# <u>વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન</u>

આજરોજ તા.૨૪/૭/૧૮ સવારના ધર્મનારાયણ જેઠુલાલજી ગેહલોત (ઉ.વ.૬૪) (રહે માનસાગર શિવપુરી માહમિન્દર જોધપુર રાજસ્થાન) નાઓ એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે જાણ કરી હતી કે તેઓ તેઓની પત્ની પ્રેમલતાબહેન નાઓને બાયપાસની સારવાર કરાવવા સારૂ જોધપુર રાજસ્થાન થી અમદાવાદ રાણીપ બસ સ્ટોપ ખાતે ઉતરેલ અને રીક્ષામાં બેસી સાલ હોસ્પીટલ ખાતે આવેલ દરમ્યાન રીક્ષામા ચાર લાખ રૂપીયા વાળુ પર્સ રીક્ષામા ભુલી ગયા છે. આ સમયગાળા દરમ્યાન વસ્ત્રાપુર પોલીસ હરકતમાં આવતા રીક્ષા ચાલકની શોધખોળ કરતા હતા દરમ્યાન રીક્ષાચાલક નાનજીભાઇ ડાહ્યાભાઇ નાઇ (ઉ.વ.૫૨) (રહે. ૨૦૩ મહાદેવનગર રાણીપ અમદાવાદ) નાઓએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન આવી ધર્મનારાયણ જેઠુલાલજી ગેહલોત રિક્ષામાં ભુલી ગયેલ પર્સ જેમાં આશરે રોકડ રૂપિયા ૩,૯૦,૦૦૦/- તથા બીજા કાગળો સાથે વાળુ પર્સ ધર્મનારાયણ નાઓને પોલીસ સ્ટેશન ખાતે વસ્ત્રાપુર પોલીસની હાજરીમાં પરત આપતા ધર્મનારાયણ જેઠુલાલજી ગેહલોતે રીક્ષા ચાલક નાનજીભાઇ ડાહ્યાભાઇ નાઇનો આભાર માનેલ અને વસ્ત્રાપુર પોલીસે તેઓના નિવેદન મેળવી સ્ટે.ડા મા નોંધ કરી હતી.